VOL.06 | NOVEMBER-DECEMBER 2021

ટુડેઝ ફેક્ટ સમાચાર

Issue No.: 01-02 • Pages : 16 • Total Issue.: 58-59• Price :₹15/-

શાળા બનાવનારા હજપ્પા
ઊઘાડા પગે પદ્મશ્રી લેવા ગયા

યુએસની ટેક કંપનીના
હોદ્દા પર ભારતીયોનો દબદબો

ડ્રગ્સ ખરીદતા ગ્રાહકોમાં
મોટા ભાગના કોલેજના વિદ્યાર્થીઓ

અનન્યા પાંડે
૨૨ વર્ષની ઉંમરે છે કરોડોની માલિક

ઓનલાઈન બિઝનેસ વિકલ્પ



Sharbat
Since 1955
Aman Curtain
SR SIFA Refrigeration
ASSURING YOU OF BEST SERVICE ALWAYS
jodeed

VISIT…

HITACHI

Buy Smart,
Pay Smart.

Select from a range of exclusive offers.

NO COST EMI

HIGHER THE STARS LOWER THE EMI** with BAJAJ FINSERV EMI

FREE INSTALLATION* WITH INVERTER AC

upto 10% CASHBACK
ON AXIS BANK DEBIT & CREDIT CARD EMI
ON RBL & STANDARD CHARTERED BANK CREDIT CARD EMI
ON FEDERAL BANK DEBIT CARD EMI

SIFA Refrigeration
ASSURING YOU OF BEST SERVICE ALWAYS

SIFA REFRIGERATION

Phone : 079-25620533-29095392 / Mob. 9998435057

Email: Sifa11786@gmail.com | sifarefrigeration11@gmail.com | Website: www.sifaac.com

ADDRESS : 55 To 59, Ground Floor, Block-C, Premier Shoopping Center. Nr. Mirzapur Court, Ahmedabad-380001

Noman Ajmerwala
M.: 9662684605

HR Creation

E-mail: hrcreation@gmail.com

Mfg. of Specialist in Cotton Printed Dress Material Kurti & Suit Piece

A-109, 1st Floor, Ghantakarna Mahavir Market,
Nr. New Cloth Market, Sarangpur, Ahmedabad-1, Gujarat(INDIA)

TAJ PIYO KHUL KE JIYO...

Sharbat
Since 1955

MOUTH WATERING
56
FLAVOURS

SERVE WITH

WATER | MILK | SODA

FOR TRADE INQUIRY CALL:
9825559786

TAJ sharbat are manufactured by best materials in latest hi tech & hygienic plant

---

SINCE - 2004
PRAGATI EDUCATIONS
TOWARDS PROGRESS

Study MBBS In Ukraine

FINEST COUNTRIES TO STUDY

MBBS ABROAD
for Indian Students

Official Authorised Admission Partner

Top Gov. Ukrainian Medical Universities

- શું આપને **NEET** માં સ્કોર ઓછો છે?
- શું આપનું સ્વપ્ન **MBBS** ડોકટર બનવાનું છે?
- શું આપને બજેટ પ્રોબ્લેમ છે?
- શું આપને વિદેશ અભ્યાસ લોન વિશે ખ્યાલ છે?
- શું આપને કયા દેશમાં જવું એ મુંઝવણ છે?

call for more informantion :

Harunsir : 9824017478 Imtiyaj bhai :: 7016754180

(ADVT)

घर से क़ाम क़रें

PART TIME / FULL TIME

अपना खुद क़ा बिजनेस शुरू क़रें
बिना क़ुछ पैसे लगाए ज्यादा पैसे क़माए

क़ौन क़र सक़ता है

HOUSEWIFE | STUDENT |
BUSINESSMAN | RETIRED PERSON | JOB PERSON
और वो भी जो अपनी इनक़म बढाना चाहते है

एक़ क़ॉल आपक़ी जिंदगी बदल सक़ती है

M: 8000439991
M: 76981 78173
M: 81287 31546

Photo Credit : Deepak Sethi

પાંચ ખેલાડી જેમણે ડેબ્યૂમાં સૌથી વધુ રન બનાવ્યા

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ટેસ્ટ મેચથી શ્રેયસ ઐય્યરે ટેસ્ટ મેચમાં ડેબ્યૂ કર્યું છે અને તેણે મેચમાં સદી ફટકારી છે

ટેસ્ટ ક્રિકેટમાં સફળ કારકિર્દી બનાવવી તે સહેલી બાબત નથી. ટેસ્ટ ક્રિકેટમાં સફળ થવા માટે ક્રિકેટર પાસે યોગ્ય ટેકનિક હોવી જોઈએ. ગુરુવારથી શરૂ થયેલ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની ટેસ્ટ મેચથી શ્રેયસ ઐય્યરે ટેસ્ટ મેચમાં ડેબ્યૂ કર્યું છે અને તેણે આ ટેસ્ટ મેચમાં સદી ફટકારી છે. અહીં એવા ૫ ભારતીય ક્રિકેટરની યાદી આપવામાં આવી છે, જેમણે ડેબ્યૂ ટેસ્ટ મેચમાં સૌથી વધુ રન કર્યું છે. ટેસ્ટ મેચમાં ડેબ્યૂ કરીને શિખર ધવને સૌથી વધુ રન કર્યા છે. ટેસ્ટ ક્રિકેટમાં સ્થાન મેળવવા માટે શિખર ધવને ખૂબ જ મહેનત કરવી પડી હતી. ઓસ્ટ્રેલિયાએ પહેલી બેટીંગ કરવાનો નિર્ણય કર્યો હતો અને પહેલી ઈનિંગમાં ૪૦૮ રન કર્યા હતા. વર્ષ ૨૦૧૩માં મોહાલીમાં રમયેલ ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં શિખર ધવને સદી ફટકારી હતી. શિખર ધવને પહેલી ઈનિંગમાં ૧૭૪ બોલમાં ૧૩ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૧૮૭ રન ફટકાર્યા હતા. ભારતે આ ટેસ્ટ મેચ ૬ વિકેટથી જીતી લીધી હતી. શિખર ધવનને આ ટેસ્ટ મેચ માટે મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. ટેસ્ટ મેચમાં ડેબ્યૂ કરીને સૌથી વધુ રન કરનારના લિસ્ટમાં રોહિત શર્માનું નામ બીજા નંબર પર છે. વર્ષ ૨૦૧૩માં કોલકત્તામાં વેસ્ટ ઈન્ડિઝ સામે રમવામાં આવેલ ટેસ્ટ મેચથી રોહિત શર્માએ ડેબ્યુ કર્યું હતું. રોહિત શર્માએ ૩૦૧ બોલમાં શાનદાર બેટિંગ કરીને ૧૭૭ રન ફટકાર્યા હતા. ભારતના હિટમેને ૧૭૭ રન કરવામાં ૨૩ ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યા હતા. રોહિત શર્માએ વર્ષ ૨૦૧૩થી લઈને વર્ષ ૨૦૧૭ સુધીમાં ૨૩ ટેસ્ટ મેચ રમી છે. આ ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝે પહેલા બેટીંગ કરીને ૨૩૪ રન કર્યા હતા. ટેસ્ટ મેચમાં ડેબ્યૂ કરીને સૌથી વધુ રન કરનાર ક્રિકેટરના લિસ્ટમાં પૃથ્વી શૉનું નામ ચોથા નંબર પર છે. વર્ષ ૨૦૧૮માં રાજકોટમાં વેસ્ટ ઈન્ડિઝ સામે રમવામાં આવેલ ટેસ્ટ મેચથી પૃથ્વી શૉએ ડેબ્યૂ કર્યું હતું. પૃથ્વી શૉએ ૧૫૪ બોલમાં ૧૩૪ રન ફટકારી શાનદાર ઈનિંગ રમીને પોતાના ટેસ્ટ કરિઅરની શરૂઆત કરી છે. ભારતે વેસ્ટ ઈન્ડિઝને ૧૮૧ અને ૧૯૬ રનમાં આઉટ કરીને આ મૅચ ૨૭૨ રનથી જીતી લીધી હતી. ટેસ્ટ મેચમાં ડેબ્યૂ કરીને સૌથી વધુ રન કરનાર ક્રિકેટરના લિસ્ટમાં સૌરવ ગાંગુલીનું નામ પાંચમાં નંબર પર છે. પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીએ ૧૯૯૬માં લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ મેચથી ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. ઈંગ્લેન્ડે પહેલી ઈનિંગમાં ૩૪૪ રન કર્યા હતા. સૌરવ ગાંગુલીએ ત્રીજા નંબરે બેટીંગની શરૂઆત કરી હતી. આ ટેસ્ટ મેચમાં ગાંગુલીએ ૩૦૧ બોલમાં ૨૦ ચોગ્ગા ફટકારીને ૧૩૧ રન કર્યા હતા. ભારતે બીજી ઈનિંગમાં ૪૨૯ રન કર્યા હતા અને મેચ ડ્રોમાં પરિણમી હતી.

શ્રેયસ અય્યરે રચ્યો ઈતિહાસ

શ્રેયસ અય્યરે ટેસ્ટમાં મળેલી તકને બે હાથે ઝડપી લીધી છે. ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ પદાર્પણ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં સદી ફટકારનાર અય્યરે બીજી ઈનિંગમાં પણ અડધી સદી ફટકારી છે. આ સાથે શ્રેયસે કાનપુરના ગ્રીનપાર્ક સ્ટેડિયમમાં ઈતિહાસ રચી દીધો છે.

ઘરેલૂ ક્રિકેટમાં મુંબઈ તરફથી રમનાર શ્રેયસ પદાર્પણ ટેસ્ટમાં સદી અને અડધી સદી ફટકારનાર પ્રથમ ભારતીય બની ગયો છે. શ્રેયસ આ સિદ્ધિને હાસિલ કરનાર ઓવરઓલ ૧૦મો ખેલાડી છે. તેણે પ્રથમ ઈનિંગમાં ૧૦૫ રન બનાવ્યા હતા. અય્યરે ૧૦૯ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી.

૨૬ વર્ષીય શ્રેયસે પ્રથમ ઈનિંગમાં રવિન્દ્ર જાડેજાની સાથે પાંચમી વિકેટ માટે ૧૨૧ રન જોડ્યા હતા જ્યારે ચોથી વિકેટ પર રહાણેની સાથે ૩૯ રનની ભાગીદારી કરી હતી.

બીજી ઈનિંગમાં અય્યરે અશ્વિન સાથે મળીને છઠ્ઠી વિકેટ પર ૫૨ રન જોડ્યા તો સાહાની સાથે સાતમી વિકેટ માટે ૬૪ રનની ભાગીદારી કરી હતી. પદાર્પણ ટેસ્ટની બંને ઈનિંગમાં ૫૦ પ્લસ સ્કોર કરવાના મામલામાં અય્યર ત્રીજા નંબર પર છે. આ પહેલા દિલાવર હુસૈન અને સુનીલ ગાવસ્કર આ સિદ્ધિ મેળવી ચુક્યા છે.

ભારતીયોમાં પદાર્પણ ટેસ્ટમાં સૌથી વધુ રન બનાવવાના મામલામાં અય્યર (૧૭૦ રવ, પ્રથમ ઈનિંગમાં ૧૦૫, બીજી ઈનિંગમાં ૬૫) ત્રીજા નંબર પર પહોંચી ગયો છે. તેણે આ દરમિયાન લાલા અમરનાથનો રેકોર્ડ તોડ્યો છે.

અમરનાથે ૧૯૩૩/૩૪ માં ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૧૫૬ રન બનાવ્યા હતા. આ લિસ્ટમાં પ્રથમ નંબર પર શિખર ધવન છે. ધવને ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ૨૦૧૨/૧૩ માં મોહાલીમાં ૧૮૭ રન જોડ્યા હતા તો રોહિત શર્માએ ૨૦૧૩/૧૪ માં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ કોલકત્તામાં ૧૭૭ રન બનાવ્યા હતા.

યુએસની ટેક કંપનીના હોદ્દા પર ભારતીયોનો દબદબો

સુંદર પિચાઈ, અરવિંદ ક્રિશ્ના, શાંતનુ નારાયણ અને સત્ય નડેલા જેવા મહારથીઓના મૂળ ભારતમાં છે

માઈક્રો-બ્લોગિંગ સાઈટ ટ્વીટરના કો-ફાઉન્ડર જેક ડોર્સીએ સીઈઓપદ છોડી દેવાનુ એલાન કરી દીધુ છે. હવે ટ્વીટરના નવા સીઈઓ પરાગ અગ્રવાલ નીમાયા. એટલે કે વધુ એક ભારતીયના હાથમાં અમેરિકી ટેક કંપનીની કમાન આવી ગઈ છે. અગાઉ કેટલાય અમેરિકી દિગ્ગજ ટેક કંપનીઓના સીઈઓતરીકે ભારતીય કામ કરી રહ્યા છે. અહીં આપને કેટલીક મોટી અમેરિકી ટેક કંપનીઓ વિશે જાણકારી મળશે જેની કમાન ભારતીયોના હાથમાં છે. સુંદર પિચાઈએ આઈઆઈટી મદ્રાસથી અભ્યાસ કર્યો છે. તેમને ૨૦૧૫માં ગૂગલના સીઈઓબનાવાયા હતા. વર્ષ ૨૦૧૯માં તેમને ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટના પણ સીઈઓબનાવાયા. સુંદર પિચાઈએ ૨૦૦૪માં ગૂગલ જોઈન કર્યું હતું. પિચાઈ ગૂગલ ટુલબારના લાઈક્સ, ક્રોમના ડેવલપમેન્ટ અને ગૂગલ બ્રાઉઝર પર કામ કરી ચૂક્યા છે. ૨૦૧૨માં તેમને પ્રોડક્ટ ડેવલપમેન્ટના સીનિયર વીપીબનાવાયા. ૨ વર્ષ બાદ તેઓ ગૂગલ અને એન્ડ્રોયડ સ્માર્ટફોન ઓએસના પ્રોડક્ટ ચીફ બન્યા. સત્ય નડેલાએ વર્ષ ૨૦૧૪માં માઈક્રોસોફ્ટના સીઈઓબનાવાયા. સત્ય નડેલા ૧૯૯૨થી જ માઈક્રોસોફ્ટનો ભાગ રહ્યા છે. સત્ય નડેલાએ માઈક્રોસોફ્ટમાં મેજર પ્રોડક્ટ પર કામ કર્યુ છે. આ કારણથી કંપનીને ક્લાઉડ કંપ્યૂટિંગ પર મૂવ કરવામાં મદદ મળી. તેમણે મનીપાલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી કર્ણાટકથી અભ્યાસ કર્યો છે. એપ્રિલ ૨૦૨૦માં અરવિંદ ક્રિષ્નાને આઈબીએમના સીઈઓબનાવાયા. તેમણે પોતાનુ કરિયર આઈબીએમથી ૧૯૯૦માં શરૂ કર્યું હતું. અરવિંદ ક્રિષ્નાએ આઈઆઈટીકાનપુરથી અભ્યાસ કર્યો છે. અરવિંદ ક્રિષ્નાએ યુનિવર્સિટી ઓફ કૃષ્ણાએ ઈલિનોઈસ યુનિવર્સિટીમાંથી પીએચડી કર્યું છે. શાંતનુ નારાયણ એડોબના સીઈઓ ૨૦૦૭થી છે. તેઓ કંપનીમાં ૧૯૯૮માં સીનિયર વીપીતરીકે જોડાયા હતા. તેઓ પ્રોડક્ટ ડેવલપમેન્ટ સંભાળી રહ્યા હતા. ૨૦૦૫માં તેમને કંપનીના સીઓઓબનાવાયા અને તેના બે વર્ષ બાદ તેમને સીઈઓપદની જવાબદારી આપવામાં આવી. શાંતનુ નારાયણે ઓસ્માનિયા યુનિવર્સિટી હૈદરાબાદથી અભ્યાસ કર્યો છે. એપ્રિલ ૨૦૨૧માં રઘુ રઘુરામનને વીએમવેરના સીઈઓબનાવાયા. તેમણે પોતાના કરિયરની શરૂઆત **VMWare**માં ૨૦૦૩થી કરી હતી. કંપનીમાં તેઓ ટોપ પ્રોડક્ટ ઈએસએક્સ અને વીસ્પિઅરસંભાળી રહ્યા હતા. રઘુને આઈઆઈટી બોમ્બેથી અભ્યાસ કર્યો છે.

ફેસબુકને હવે Metaથી ઓળખવામાં આવશે

દુનિયાભરમાં ફેલાયેલા અને સૌથી વિશાળ સોશિયલ મીડિયા નેટવર્કમાં ટોચ પર રહેલા ફેસબૂકનું નામ બદલવામાં આવશે. ફેસબૂકના સીઈઓ માર્ક ઝુકરબર્ગે કહ્યું છે કે ભવિષ્યમાં ડિજિટલ રૂપમાં થઈ રહેલા ફેરફારોને જોડવાના પ્રયાસ હેઠળ કંપનીને હવે નયા નામ **Meta**થી ઓળખવામાં આવશે. ઝુકરબર્ગે તેને મેટાવર્સ કહે છે. જોકે, આ નામ બદલવાના વિચાર પર નિંદા કરતા લોકોએ કહ્યું છે કે, ફેસબૂક પેપર્સમાંથી દસ્તાવેદ લીક થવાથી ઉભા થયેલા વિવાદથી લોકોનું ધ્યાન ભટકાવવા માટે આમ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. તે નામ બદલવાની મથામણ કરીને વિવાદને ઢાંકવાનો પ્રયાસ કરી રહ્યું

છે. ફેસબૂકના સીઈઓ ઝુકરબર્ગે કહ્યું કે, હાલના સમયમાં અમારી બ્રાન્ડ ચોક્કસ રીતે એક પ્રોડક્ટ સાથે જોડાયેલી છે, પરંતુ તેના લીધે આજના સમયની બાબતોને તેમાં સાંકળવી મુશ્કેલ છે. એટલે કે નામ બદલાવાની સાથે તેમાં કેટલાક નવી બાબતોનો પણ સમાવેશ કરવામાં આવશે. ઝુકરબર્ગે કહ્યું કે અમને આશા છે કે આગામી દાયકાની અંદર 'મેટાવર્સ' એક અબજ લોકો સુધી પહોંચી જશે. તેમનું કહેવું છે કે 'મેટાવર્સ' એક એવું પ્લેટફોર્મ હશે જેના પર લોકો સંવાદ કરશે અન્ય કાર્યો પણ કરી શકાશે. તેમને આશા છે કે આ એક એવું નવું પ્લેટફોર્મ હશે જે ક્રિએટર્સ માટે 'લાખો' નોકરીઓનું સર્જન કરશે. આ જાહેરાત એવા સમયે કરાઈ છે કે જ્યારે ફેસબૂક અસ્તિત્વ સામે સંકટનો સામનો કરી રહ્યું છે. ફેસબૂક પેપર્સમાં ખુલાસા પછી તેને દુનિયાના ઘણાં ભાગોમાં લેજિસ્લેટિવ અને રેગ્યુલેટરી સ્ક્રૂટિનીનો સામનો કરવો પડી રહ્યો છે. હવે અહીં સવાલ એ થઈ રહ્યો છે કે શું નામ બદલવાથી ફેસબૂક પર જે સંકટના વાદળો ઘેરાયા છે તેનાથી છૂટકારો મળી શકશે કે પછી સંકટમાં આગામી દિવસમાં વધારો થવાની સંભાવના વધી રહી છે. હવે આ તમામ બાબતો પરથી આગામી સમયમાં જ પરદો હટી શકશે.

શાળા બનાવનારા હજપ્પા ઊઘાડા પગે પદ્મશ્રી લેવા ગયા

સરકારે સમાજમાં ખરા અર્થમાં સોશિયલ વર્ક કરતા લોકોને પદ્મ એવોર્ડ આપવાની પ્રથા શરુ કરી છે.આ વખતે પણ સમાજના છેવાડાના લોકોને નાગરિક સન્માન આપવામાં આવ્યુ છે.

આ વખતે જેમને પદ્મ શ્રી એવોર્ડ અપાયો છે તેમાંથી એક ૬૮ વર્ષીય હરેકાલા પણ છે.જે સંતરા વેચવાનુ કામ કરે છે.

કર્ણાટકના મેંગ્લોર શહેરમાં રહેતા હરેકાલા હજબ્બા રસ્તાઓ પર ટોપલામાં સંતરા ભરી વેચવા નિકળે છે.તેઓ જે ગામમાં જન્મયા હતા ત્યાં સ્કૂલ નહીં હોવાથી તેઓ ભણી શક્યા નહોતા.તેમણે નક્કી કર્યુ હતુ કે, તમામ બાળકો ભણી શકે તે માટે સ્કૂલ બનાવીશ.સંતરા વેચીને પાઈ પાઈની બચત એકઠી કરી તેમણે સ્કૂલ ખોલી હતી.રાષ્ટ્રપતિના હસ્તે તેમને પદ્મ શ્રી સન્માન અપાયુ ત્યારે તેઓ ઉઘાડા પગે પહોંચ્યા હતા.

આ જ રીતે ૭૨ વર્ષના તુલસી ગૌડા પર્યાવરણના વોરિયર અને હાલતા ચાલતા એન્સાઈક્લોપિડિયો ઓફ ફોરેસ્ટ નામથી ઓળખાય છે.તેઓ શરીર પર એક ચાદર જેવુ વસ્ત્ર પહેરીને આવ્યા હતા.તેમને પણ પદ્મ શ્રી સન્માન અપાયુ છે.તેઓ છ દાયકાથી પર્યાવરણ માટે કામ કરે છે.તુલસી કર્ણાટકના આદિવાસી પરિવારમાં જન્મ્યા છે અને સ્કૂલે પણ ગયા નથી.જોકે જંગલના દરેક પ્લાન્ટની જાણકારી તેમની પાસે છે.

આ જ રીતે રાહીબાઈ પોપેરે મહારાષ્ટ્રના છે અને આદિવાસી મહિલા છે.જેમને પદ્મ શ્રી સન્માન અપાયુ છે.તેમણે જૈવિક ખેતીને નવી ઉંચાઈ પર લઈ જવાનુ કામ કર્યુ છે.તેઓ સેલ્ફ હેલ્ફ ગ્રૂપ થકી ૫૦ એકર જમીન પર ૧૭ થી વધારે પાક લે છે.બે દાયકા પહેલા તેમણે બીજ એકઠા કરવાનુ શુ કર્યુ હતુ.

ફાલ્ગુની નાયર વિશ્વના સૌથી ધનિક સેલ્ફ મેડ મહિલા

બ્યુટી અને ફેશન સ્ટાર્ટ અપ નાયકાના આઈપીઓનુ આજે લિસ્ટિંગ થયુ છે અને તે સાથે જ આ કંપનીના સ્થાપક ફાલ્ગુની નાયર દેશ અને દુનિયાના સૌથી ધનિક સેલ્ફ મેડ મહિલાઓના લિસ્ટમાં આવી ગયા છે. લિસ્ટિંગ બાદ નાયકાના શેરમાં ૯૦ ટકા સુધીની તેજી જોવા મળી છે અને તેના કારણે ફાલ્ગુની નાયરની સંપત્તિમાં ધરખમ વધારો થયો છે.કારણકે આ કંપનીના લગભગ ૫૪ ટકા શેર ફાલ્ગુની અને તેમના પતિ સંજય નાયર પાસે છે.સંજય નાયર પણ અમેરિકાની એક ઈક્વિટી ફર્મના ભારત ખાતેના સીઈઓ છે. ફાલ્ગુની નાયરની સંપત્તિ ૬.૫ અબજ ડોલર પર પહોંચી છે અને તેઓ દેશના સૌથી ધનિક સેલ્ફ મેડ મહિલા બની ગયા છે.ઝોમેટો અને સોના કોમસ્ટાર બાદ નાયકા આ વર્ષનો સૌથી મોટો ત્રીજો આઈપીઓ છે. લિસ્ટિંગ બાદ આ કંપનીનુ માર્કેટ કેપ ૧ લાખ કરોડ રુપિયા થઈ ગયુ છે.ફાલ્ગુનીએ ૨૦૧૨માં નાયકા શરુ કરી હતી.એ પછી નાયકાની એપ ૫.૫૮ કરોડ વખત ડાઉનલોડ થઈ ચુકી છે.કંપની પાસે દેશના ૪૦ શહેરોમાં ૮૦ સ્ટોર પણ છે. રસપ્રદ વાત એ છે કે, ફાલ્ગુની નાયર પોતે બેંકર રહી ચુકયા છે અને તેમણે આ દરમિયાન ભારતીય કંપનીઓને ઈન્વેસ્ટમેન્ટ અપાવવા માટે મદદ કરી હતી.૫૦ વર્ષની વયે તેમણે નોકરી છોડી દીધી હતી અને નાયકાની સ્થાપના કરી હતી.આજે તેમની કંપની દેશની બ્યુટી પ્રોડક્ટની ટોપ ઈ કોમર્સ સાઈટ્સમાં સામેલ છે.

ઓનલાઈન બિઝનેસ વિકલ્પ

ઓનલાઈન બિઝનેસ શરૂ કરવી માટે આપને ઓછા પૈસા લગાવવા પડે છે, આપ આને પાર્ટટાઈમબિઝનેસ તરીકે પણ શરૂ કરી શકો છો.

૧) કાર અને મોટરસાઈકલને ઓનલાઈન વેચો

ઘણાંખરા લોકો પોતાની આસપાસ વેચતા કાર અને મોટરસાઈકલને ખરીદીને અથવા કમિશન પર વેચાવીને પણ સારાં એવા પૈસા કમાઈલે છે, આવા લોકોને જલ્દીથી ખરીદનારા નથી મલતાં આપ લોકોને મળીને કાર અથવા બાઈકનો ફોટો લઈને ઓનલાઈન કાર સેલીંગ વેબસાઈટ પર તેને મૂકીને કિંમત લખો આપને જલ્દી ગ્રાહકો અને આપનાં કમિશન રૂપે નફો મળી જશે.

૨) ડોમેન ખરીદવું તથા વેચવું

સારા નામનું ડોમેન રજીસ્ટર્ડ કરીને ઓનલાઈન વેચીને પણ સારા એવાં પૈસા કમાઈ શકો છો અથવા તો પહેલાંથી જ રજીસ્ટર્ડ થયેલ કોઇ ડોમેન ખરીદીને તેને વેચીને પણ પૈસા કમાઇ શકો છો.

3) બ્લોગિંગ

અગર આપ લખવાનાં શોખિન હોવ તો આપ જરૂરથી બ્લોગિંગ શરૂ કરો. ૧ વર્ષ પછી આમાંથી સારી કમાણી થઇ શક્શે.
- ડોમેન રજીસ્ટર્ડ કરીને બ્લોગ બનાવવાની પૂરી જાણકારી.

૪) એફિલીએટ માર્કેટીંગ :

એફિલીએટ માર્કેટીંગ કરીને પણ સારાં પૈસા કમાઈશકો છો એને આપ ફેસબુક,બ્લોગ સાઇટ ટ્વિટર, ગુગલ પ્લસ અને અન્ય સોશ્યલ મીડિયા પર પ્રોમોટ કરી શકો છો. આપ ફ્લિપકાર્ટ, એમેઝોન, સ્નેપડીલ વગેરે વેબસાઈટ સાથે જોડાઈને એફિલીએટ માર્કેટિંગનું કામ શરૂ કરી શકો છો.

૫) યુ ટ્યુબ વીડીઓ :

અગર આપ કોઈ મોટીવેશનલ શિક્ષાપ્રદ, મનોરંજન, કોઈ વિશેષ વિષય પર સારો વીડીયો બનાવી શકો છો તો તેને યુ ટ્યુબ પર અપલોડ કરીને એડ્વર્ટાઈઝ થી પૈસા કમાઈ શકો છો.

૬)ઓનલાઇન સર્વીસ થી પૈસા કમાવ :

ઘણાં ખરાં ઓનલાઈન સર્વે એવાં હોય છે કે જેને ભરવાથી આપને પૈસા મળી રહે છે. સર્વેની વેબસાઈટ પર આપને રજીસ્ટ્રેશન કરાવવું પડશે. અને તેમનાં નિયમો પ્રમાણે આપ સર્વે ભરશો તો તેના બદલીમાં આપને પૈસા મળી શકે છે.

૭) જૂનાં સામાન ને વેચવા :

જૂનાં સામાન ને ઓનલાઈન વેચીને પણ પૈસા કમાઈ શકાય છે. ઘણાં લોકો ઓનલાઈન જૂના અને સસ્તાં સામાન ને ખરીદીને ઓનલાઈન કમિશન પર વેચીને પણ પૈસા કમાઈ શકે છે.

૮) ઓનલાઇન લખવાથી પૈસા કમાવો :

અગર આપનું અંગ્રેજી સારૂં છે તો આપ ઓનલાઈન લખવાનું કામ કરીને પણ પૈસા કમાઈ શકો છો. ઘણાં બધા ન્યૂઝ ચેનલ હિન્દી રાઈટીંગનું કામ પણ આપે છે. ંઝ ન્યૂઝ થી જોડાઈને પણ ઓનલાઈન લખવાનું કામ શરૂ કરી શકો છો આમાં હિન્દી અને અગ્રેજી બંનેનો વિકલ્પ હોય છે.

૯) શેર માર્કેટિંગમાં પૈસા લગાવીને પૈસા કમાઓ

ઓનલાઈન શેર ખરીદીને તથા વેચીને પણ પૈસા કમાઈ શકો છો શરૂઆતમાં આપને આ બાબતમાં થોડી જાણકારી હોવી જોઈશે. શરૂઆતમાં ઓછા પૈસા લગાવો અને લાંબો સમય રાખો.

૧૦) ઓનલાઇન ડેટાએન્ટ્રી જોબ વડે પૈસા કમાઓ

ઘણી બધી ઓનલાઈન વેબસાઈટ હોય છે જે ડેટાએન્ટ્રી ની નોકરી ઓફર કરતી હોય છે. અગર જો આપની ટાઈપીંગ સ્પીટ સારી છે તો અને કમ્પ્યુટર પર કામ ઝડપથી કરી શકો છો તો આપ પાર્ટટાઈમ જોબ કરીને પણ સારાં પૈસા કમાઈ શકો છો.

૧૧) વેબસાઇટ ડીઝાઇન કંપની

ઓનલાઈન ડિઝાઈનની સર્વીશ આપને આપ સારાં પૈસા કમાઈ શકો છો આપ આપની વેબસાઈટ પર આપનાં ક્રિએટીવ ડિઝાઈન જરૂરથી મૂકો વિદેશી કલાયંટ સારી ડિઝાઈનનાં ઘણાં જ સારાં એવાં પૈસા આપતાં હોય છે.

૧૨) ફ્રિલાન્સર બનીને પૈસા કમાઓ

જો આપને કોઈ ટેક્નોલોજીની સારી જાણકારી છે તો આપ ફ્રિલાન્સની વેબસાઈટ પર પોતાને રજીસ્ટર્ડ કરીને સારું એવું કમાઈ શકો છો.

૧૩) બિઝનેસ પ્રમોશન (SEO)

ઓનલાઈન બિઝનેસ પ્રમોશન ની સર્વિસ આપીને સારાં પૈસા કમાઈ શકો છો. આને પાર્ટટાઈમ જોબ ની રીતે પણ કરી શકો છો.

૧૪) સોશ્યલ મીડીયા માર્કેટિંગ : (SOM)

સોશ્.યલ મીડીયા માર્કેટિંગની સર્વિસ ઓફર કરીને પણ સારાં પૈસા કમાઈ શકાય છે. કંપની,નેતા, અભિનેતા વગેરે પોતાનાં સોશ્યલ મીડીયા એકાઉન્ટ ચલાવવા માટે પ્રોફેશનલ્સ ને રાખતાં હોય છે.

૧૫) સામાન વેચવાની વેબાઇટ

સામાન વેટવાની વેબસાઈટ શરૂ કરીને પણ પૈસા કમાઈ શકાય છે. આમાં આપની પાસે ટેકિનકલ નોલેજ હશે તો જ વધારે નફો મેળવી શકશો અથવા તો વધારે રોકાણ કરવું પડશે.

૧૬) સેલ ઇ-બુક્સ

આપ આપની લેખેલી પુસ્તક ઓનલાઈન વેટીને પૈસા કમાઈ શકો છો બીજા એ લખેલ પુસ્તક પણ કનીશન પર વેચીને ઘણાં જ પૈસા કમાઈ શકો છો.

૧૭) ડેટીંગ વેબસાઇટ :

ડેટિંગ વેબસાઈટ થી પણ આપ સારાં પૈસા કમાઈ શકો છો. આવી વેબસાઈટો પર વિઝીટર્સ ઘણાં વધારે હોય ચે. એટલા માટે આપ એડ્. થી સારાં પૈસા કમાઈ શકો છો. જ્યારે વેબસાઈટ વધારે પોપ્યુલર થઈ જાય તો પેઈડ મેમ્બર, પેઈડ ફ્યુચર અથવા તો ફોટોસેલીંગ વેબ આપને ઓનલાઈન મળી જશે.

૧૮) વિડિઓ એડીટીંગ સેવા :

ઓનલાઈન વિડિઓ એડીટીંગ નું કામ કરીને પણ પૈસા કમાઈ શકો છો વીડીઓ એડીટીંગમાં આપને ઘણાં જ પૈસા મળશે.

૧૯) રિયલ એસ્ટેટ, ભાડેથી ઘર અથવા ઓફીસ અપાવવાની સેવા :

ઘર ખરીદવા અને વેચવાની કોઈને મદદરૂપ થઈને આપ સારૂં એવું કમિશન કમાઈ શકો છો. આ પ્રમાણે ઘર અથવા ઓફિસ ભાડે થી અપાવીને પણ સારાં પૈસા મેળવી શકો છો. જો આ બિઝનેસ ને આપ ઓનલાઈન કરશો તો આપને વધારે કલાયન્ટ મળશે અને આપનું પ્રોફીટ વધારે થશે. આવાં કામો માટે એક વેબસાઈટ જરૂરથી બનાવો.

૨૦) ઓનલાઇન ગિફ્ટ વેચવી :

ઓનલાઈન ગિફ્ટ નેચવા માટેની ઘણી બધી વેબસાઈટસ છ, એમાં સારો નફો છે અને નાની વેબસાઈટ જે ગીફ્ટઆઈટમ વેચે છે તે પણ સારા એવા પૈસા કમાય છે.

૨૧)ઓફર ગ્રાફિકસ સર્વિસ

ઓનલાઈન ક્રિએટીવ ગ્રાફિકસ સર્વિસને ઓફર કરીને પણ આપ સારા એવાં પૈસા રમાઈ શકો છો. સારા ફ્રિલાનસર ગ્રાફિકસ ડીઝાઈનરની ઘણી માંગ છે. આપ આપનાં ક્રિએટીવ ગ્રાફિકસ અથવા ડિઝાઈન ને ઓનલાઈન વેચી પણ શકો છો.

૨૨) ઓનલાઈન આર્ટવર્કને વેચવા

ઓનલાઈન આર્ટવર્ક સેલીંગ કરીને પણ સારા પૈસા કમાઈ શકાય છે,જો આપ એક સારા પેઈન્ટર હોય તો .

૨૪)ઓનલાઈન ટેકિનકલ ટ્રેનર

સારા ઓનલાઈન ટેકિનકલ ટ્રેલરની માગ દિવસેને દિવસે વધતી જાય છે. એટલા માટે ઓનલાઈન ટેકિનકલ ટ્રેનર બનીને પણ પૈસા કમાવાનો સારો વિકલપ છે.

૨૩) મોટીવેસનલ સ્પીકર

મોટીવેશનલ સ્પીકરની પાસે કમાણીનાં ઘણાં બધા વિકલ્પો હોય છે. યુ ટયુબ પર અપલોડ કરીને પૈસા બનાવી શકો છો. ઘણીખરી કંપનીઓ પોતાનાં વર્કસને ઉત્સાહિત કરવા માટે પોવ્યુલર મોટીવેશનલ સ્પીકરને સારા એવા પૈસા આપીને અહીંયા એક કે બે દિવસ માટે બોલાવતાં હોય છે.

૨૪) ઓનલાઈન હસ્તનિર્મિત શિલ્પ વિક્કિતા

હાથ બનાવટનો સામાન ખૂબજ સુંદર અને અલગ જ દેખાય છે. ઘણાં લોકો હાથે બનાવેલ સામાન વાપરવાનું પસદ કરે છે. કોઈ પણ હાથબનાવટનો સામાન ઓનલાઈન વેચીને સારા એવા પૈસા કમાઈ શકાય છે. આ કામ આપ ફલીપકાર્ટ અને એમેજોન જેવી વેબસાઈટ્સ સાથે જોડાઈને પણ કરી શકો છો.

બુલ્ગારિયામાં પુત્રીઓને લગ્ન માટે બજારમાં વેચાય છે

શું તમે જાણો છો કે દુનિયામાં એક એવો દેશ પણ છે જ્યાં પુત્રીઓને લગ્ન માટે બજારમાં વેચવામાં આવે છે? ચોંકી ગયા ને! આજે અમે તમને તે દેશ વિશે જણાવવા જઈ રહ્યા છીએ જ્યાં બજારમાં લગ્ન માતે છોકરીઓની બોલી લગાવવામાં આવે છે. એટલું જ નહી તેમના માતા-પિતા જ તેમને બજારમાં લઈને જાય છે. છોકરીઓને તેમના માતા-પિતા દુલ્હનોના માર્કેટમાં લઈને પહોંચે છે. આ બજારમાં દુલ્હનના તમામ ખરીદદાર હોય છે, જે તેમની બોલી લગાવે છે. જે સૌથી વધુ બોલી લગાવે છે માતા-પિતા પોતાની પુત્રીનો સંબંધ તેમની સાથે નક્કી કરી દે છે. બુલ્ગારિયાના સ્તારા જાગોર નામની જગ્યા પર વર્ષમાં ચાર વાર દુલ્હનોનું બજાર લાગે છે. અહીં આવનાર વરરાજા પોતાની પસંદની દૂલ્હન ખરીદીને પોતાની પત્ની બનાવી શકે છે. એક રિપોર્ટ અનુસાર આ માર્કેટમાં લઈ જનાર છોકરીઓ મોટાભાગે સગીરા હોય છે. આ છોકરીઓની ઉંમર માત્ર ૧૩ થી ૧૭ વર્ષની હોય છે. દુલ્હનોનું બજાર કલાઈદઝી સમુદાય તરફથી લગાવવામાં આવે છે અને આ સમાજના લોકો દુલ્હન ખરીદે પણ છે. અહીં કોઈ બહારની વ્યક્તિ દુલ્હન ખરીદી ન શકે. એક રિપોર્ટ અનુસાર આ સમાજમાં લગભગ ૧૮૦૦૦ લોકો છે. કહેવામાં આવે છે કે આ સમુદાયની છોકરીઓને પણ આ પરંપરા સામે કોઈ વાંધો થી, કારણ કે તેમને શરૂઆતથી જ તેના માટે માનસિક રીતે તૈયાર કરવામાં આવે છે. જાણકારી અનુસાર આ સમુદાયના લોકો પોતાની પુત્રીઓનું ભણતર જલદી છોડાવી દે છે. કહેવામાં આવે છે કે દુલ્હનોના બજારમાં આવનાર છોકરીને ઘરનું કામ આવડવું જોઈએ અને તે નાની ઉંમરની હોવી જોઈએ. ત્યારબાદ સોદાની રકમ નક્કી કરવામાં આવે છે. એક રિપોર્ટ અનુસાર આ બજારમાં છોકરીઓનો સોદો ૩૦૦ થી ૪૦૦ ડોલર સુધી થાય છે. દુલ્હનોના બજારમાં પહોંચવા માટે આ છોકરીઓ ઘણા દિવસો પહેલાંથી જ તૈયારી શરૂ કરી દે છે. મોટાભાગના પૈસા મળવા માટે તેમનું સુંદર દેખાવવું જરૂરી છે. તેના માટે તે સારા કપડાં અને મેકઅપ સાથે બજારમાં આવે છે. બજારમાં છોકરીઓ પસંદ આવ્યા બાદ છોકરી તેને પત્ની માની લે છે. ત્યારબાદ બંનેના માતા-પિતાને આ લગ્ન માટે રાજી થવું પડે છે. છોકરા અને છોકરી વચ્ચે ઘર પરિવાર અને આવક પર વાતચીત થાય છે. પછી પરિવારજનો લગ્નની રકમ નક્કી કરે છે અને સંબંધ થઈ જાય છે.

ખતરનાક માછલી જેના મોઢામાં પપપ દાંત છે

વિશ્વમાં ઘણા પ્રકારના જીવો છે. જમીન હોય કે સમુદ્ર, પ્રાણીઓની સંખ્યા ક્યારેય ગણી શકાતી નથી. રોજ બરોજ કોઈને કોઈ જીવ સામે આવતું હોય છે. આ દિવસોમાં વૈજ્ઞાનિકો પાસે એક માછલી છે જેના દાંતના કારણે તે ચર્ચામાં છે. આ માછલીનું નામ પેસિફિક લિંગકોડ છે. આ માછલી ઉત્તર પેસિફિકમાં જોવા મળે છે. આ માછલીના મોઢામાં પપપ દાંત છે, જેની ધાર બ્લેડ કરતાં વધુ ઝડપી હોય છે. જો તમારી આંગળી આ માછલીના મોઢામાં ગઈ, તો તેનું બચવુ મુશ્કેલ છે. આ પહોળા મોઢાવાળી માછલીના મોઢામાં લગભગ પપપ દાંત છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર આ માછલીના મોઢામાંથી દરરોજ લગભગ વીસ દાંત પડે છે. તેના દાંત જોઈને જ કોઈ પણ ડરી જાય. તેના દાંત એટલા તીક્ષ્ણ

હોય છે કે જો કોઈ વ્યક્તિની આંગળી તેમાં આવે તો તે બહાર આવી શકશે નહીં. અભ્યાસમાં એ પણ બહાર આવ્યું છે કે આ માછલીના લગભગ વીસ દાંત દરરોજ તૂટી જાય છે. જ્યારે માછલી મોટી હોય છે, ત્યારે તેના દાંત ૫૦ સેન્ટીમીટર સુધી હોય છે. અહેવાલો અનુસાર, માછલીના દાંત દોઢ મીટર સુધીના હોય છે. આ માછલીના દાંત મનુષ્ય જેવા નથી પરંતુ એકદમ તીક્ષ્ણ છે. તેઓ અત્યંત નાના છે. લાઈવ સાયન્સના રિપોર્ટ મુજબ આ માછલીઓના મોઢામાં બે સેટ દાંત હોય છે. વૈજ્ઞાનિકો આ માછલીનો અભ્યાસ ફક્ત તેમના દાંત માટે કરે છે. યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટન લેબોરેટરીએ અભ્યાસ માટે લગભગ ૨૦ માછલીઓ પકડી છે. તેમના દાંત એટલા નાના હોય છે કે તે ખુલ્લી આંખોથી દેખાતા નથી. તેમના દાંત માટે, સંશોધકોએ ટાંકીમાં લાલ રંગ ઉમેર્યો. આ પછી માઈક્રોસ્કોપથી જોતા તેમના લાલ દાંત દેખાય છે. જે ટાંકીઓમાં આ ૨૦ માછલીઓને રાખવામાં આવી હતી ત્યાંથી થોડા દિવસો બાદ લગભગ ૧૦,૦૦૦ દાંત કાઢવામાં આવ્યા હતા.

ડ્રગ્સ ખરીદતા ગ્રાહકોમાં મોટા ભાગના કોલેજના વિદ્યાર્થીઓ

શહેરમાં તાજેતરમાં હાઈટેક ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ થયો છે. જેમાં અમદાવાદના બે યુવકોએ ડાર્ક વેબના માધ્યમથી અમેરિકાના ઈન્ટરનેશનલ ડ્રગ્સ ડીલરોનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ હવાલા સિસ્ટમથી ક્રિપ્ટો કરન્સી મારફતે પેમેન્ટ કરી બાય કાર્ગો એર કુરીયર મારફતે પ્રતિબંધિત નશાકારક પદાર્થો મંગાવી સમગ્ર રાજ્યમાં ગેરકાયેદ વેપાર કરતા હોવાથી તેમને પકડી પાડ્યા હતા. તપાસ કરતા તેમની પાસેથી અમેરિકન હાઈબ્રિડ ગાંજો, અમેરિકન ચરસ, લોકલ ચરસ, મેઝિક મશરૂમ તથા શેટર જેવા ડ્રગ્સ પકડાયા હતા. આ મામલે પોલીસે પૂછપરછ હાથ ધરતા ચોંકાવનારી વિગતો સામે આવી છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર બોપલમાં વંદિત પટેલ અને પાર્થ શર્મા નામના યુવકોની અમેરિકન ચરસ સહિતના ડ્રગ્સ સાથે ધરપકડ કરી હતી. જેમાં ઝડપાયેલા વધુ બે યુવકોની પૂછપરછમાં સામે આવ્યું કે, બંને પહેલા વંદિત પાસેતી અંગત વપરાશ માટે ડ્રગ્સ ખરીદતા હતા. બાદમાં મોંધુ ડ્રગ્સ ખરીદવા માટે નાણાની વ્યવસ્થા કરવા માટે જાતે ગ્રાહકોની શોધીને ડ્રગ્સ પેડલર બન્યા હતા. તપાસમાં વંદિત પટેલ પાસેથી ડ્રગ્સ ખરીદતા ૭૦ ટકા ગ્રાહકોમાં મોટાભાગના કોલેજના વિદ્યાર્થીઓ હોવાનું જાણવા મળ્યું છે. ડ્રગ્સકાંડમાં પકડાયેલા વંદિત પટેલ અને પાર્થ શર્માની પૂછપરછમાં સામે આવ્યું કે, તેઓ હુક્કાબાર સંચાલકો તેમજ જૂના ગ્રાહકોને માંગ પ્રમાણે ડ્રગ્સ પૂરું પાડતા હતા. બંનેની પૂછપરછમાં કેટલાક નામો પણ સામે આવ્યા છે. જેના આધારે ઝીલ પરાતે અને વિપુલ ગોસ્વામી નામના યુવકોની ધરપકડ કરી હતી. જેમાં વંદિત પાસેથી ડ્રગ્સ ખરીદીને તેમના ગ્રુપમાં તેમજ અન્ય ગ્રાહકોને પુરુ પાડતા હતા અને બાદમાં તેઓ ડ્રગ પેડલર બની ગયા હતા. મીડિયા રિપોર્ટ મુજબ પોલીસને તેમના મોબાઈલ ફોન ડેટા તપાસતા ઘણા ગ્રાહકોના નામ અને મોબાઈલ નંબર તેમજ ઓનલાઈન નાણાં મેળવ્યાની વિગતો પણ મળી છે. ઉપરાંત પોલીસને તપાસમાં વંદિત પટેલના ગ્રાહકોની યાદીમાં અમદાવાદ અને ગાંધીનગરમાં આવેલી પ્રીમિયર ઈન્સ્ટિટચુટના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જેથી આ કેસમાં આગામી દિવસોમાં હજુ વધુને વધુ ચોંકાવનારા ખુલાસાઓ થવાની શક્યતા છે.

અમદાવાદમાં ઓક્ટોબર સુધી અકસ્માતે ૨૯૯ના મોત થયા

પહેલી જાન્યુઆરીથી લઈને ૩૧મી ઓક્ટોબર સુધી અમદાવાદ શહેરની ટ્રાફિક પોલીસ દ્વારા રોડ ટ્રાફિક અકસ્માતમાં કુલ ૨૯૯ મૃત્યુના કેસ નોંધ્યા છે. આ સિવાય ૯૪૫ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ આંકડા પરથી કહી શકાય કે શહેરના રસ્તાઓ પર દરરોજ સરેરાશ એક વ્યક્તિ જીવ ગુમાવે છે અને ત્રણને ઈજા થાય છે. ઉલ્લેખનીય છે કે ૨૧મી નવેમ્બરને વર્લ્ડ ડે ઓફ રિમેમ્બરન્સ ફોર રોડ ટ્રાફિક વિક્ટિમ્સ તરીકે ઓળખવામાં આવે છે. આજના દિવસે દુનિયાભરમાં રસ્તા પર ટ્રાફિકને કારણે જીવ ગુમાવ્યો હોય તેવા લોકોને યાદ કરવામાં આવે છે. ત્યારે અમદાવાદ શહેરની પોલીસ દ્વારા આપવામાં આવેલા આ આંકડા અત્યંત ચિંતાજનક છે. આંકડાઓ અનુસાર, જેટલા લોકોએ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવ્યો છે તેમાંથી ૨૨ ટકા લોકોની ઉંમર ૨૫ વર્ષથી ઓછી હતી. ઈજાગ્રસ્ત લોકોની વાત કરીએ તો તેમાં પણ ૨૨ ટકા પીડિતોની ઉંમર ૨૫ વર્ષથી ઓછી હતી. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૦માં માસિક મૃત્યુદર ૨૮ હતો જ્યારે વર્ષ ૨૦૧૯માં તે ૩૬ હતો. અમદાવાદ શહેરના પોલીસ કમિશનર સંજય શ્રીવસ્તાવે શુક્રવારના રોજ અહમદાબાદ ટ્રાફિક કન્સલ્ટેટિવ કમિટી(એટીસીસી) દ્વાર આયોજિત એક કાર્યક્રમમાં કહ્યુ હતું કે, શહેરની પોલીસ આ મૃત્યુદરમાં ઘટાડો લાવવા માટે પ્રતિબદ્ધ છે અને વિવિધ યોજનાઓની મદદથી શહેરના રસ્તાઓને સુરક્ષિત બનાવવામાં આવશે. તાજેતરમાં જ જાહેરાત કરવામાં આવી હતી કે માર્ગ અકસ્માતમાં ઈજા પામેલા લોકોને હોસ્પિટલ લઈ જનારા લોકોને

પુરસ્કાર આપવામાં આવશે. રસ્તાઓને સુરક્ષિત બનવા માટે એન્જિનિયરિંગ, એજ્યુકેશન, એન્ફોર્સમેન્ટની સાથે સાથે હવે ઈમર્જન્સીને પણ શામેલ કરવાની જરુર છે. એટીસીસીના અધ્યક્ષ ડોક્ટર પ્રવિણ જણાવે છે કે, દર વર્ષે આ દિવસે કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે જેથી સુનિશ્ચિત કરી શકાય છે કે સમયાંતકે માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામતા લોકોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે. માટે વાહનચાલકો, એન્ફોર્સમેન્ટ એજન્સી, તંત્ર અને આયોજતો તમામ લોકોએ મળીને નક્કર પગલા લેવાની જરુર છે. સુરક્ષાના પરિબળોને તમામ લોકો ધ્યાનમાં રાખે તે જરુરી છે. આ કાર્યક્રમમાં અર્બન પ્લાનર્સ અને માર્ગ સુરક્ષાને લગતા વિશ્લેષકો પણ હાજર હતા.

અભિનેતા સલમાન ખાને ગાંધી આશ્રમમાં રેંટિયો કાંત્યો



સલમાન ખાન, આયુષ શર્મા અને મહિમા મકવાણા સ્ટારર ફિલ્મ અંતિમઃ ધ ફાઈનલ ટ્રુથ બોક્સઓફિસ પર ધીમે-ધીમે સ્પીડ પકડી રહી છે. ફિલ્મ રિલીઝ થયા બાદ સલમાન ખાન તેને પ્રમોટ કરવા માટે સિટી ટૂર કરવાનો છે અને તેની શરૂઆત તેણે અમદાવાદથી કરી છે. સલમાન ખાન સોમવારે અમદાવાદનો મહેમાન બન્યો હતો અને આ દરમિયાન તેણે સાબરમતી સ્થિત ગાંધી આશ્રમની મુલાકાત લીધી હતી. સલમાન ખાન તેના બોડીગાર્ડ શેરા સાથે અમદાવાદ આવ્યો હતો. તે સૌથી પહેલા ગાંધી આશ્રમ પહોંચ્યો હતો, તે ૧૦ મિનિટ સુધી આશ્રમમાં રહ્યો હતો. આ દરમિયાન તેણે ત્યાં રેંટિયો કાંત્યો હતો અને સુતરની આંટી બનાવી હતી. જે તમે ગળામાં પહેરવાના બદલે હાથમાં પહેરી લીધી હતી. એક્ટરે ગાંધી આશ્રમમાં રાખવામાં આવેલી વિઝિટ બૂકમાં લાંબો મેસેજ પણ લખ્યો હતો. સલમાન ખાન અમદાવાદમાં હોવાનું જાણ્યા બાદ મોટી સંખ્યામાં ચાહકો ગાંધી આશ્રમ બહાર ઉમટ્યા હતા અને તેની એક ઝલક મેળવવા માટે પડાપડી કરી હતી. એક્ટરને જોઈને ફેન્સે મોટેથી ચીચીયારી પાડી હતી. તો કેટલાક ફેન્સને તેની સાથે સેલ્ફી પડાવવાની પણ તક મળી હતી. એક્ટર જ્યારે ગાંધી આશ્રમથી વિદાય લઈ રહ્યો હતો ત્યારે તેને ગિફ્ટમાં નાનો રેંટિયો પણ આપવામાં આવ્યો હતો. અમદાવાદ બાદ સલમાન ખાન આ જ અઠવાડિયે ફિલ્મના પ્રમોશન માટે ચંડીગઢ, હૈદરાબાદ, બેંગલુરુ અને ઈંદોર જવાનો છે. આ અંગે વાત કરતાં એક્ટરે કહ્યું હતું કે 'આ સમયે આપણે દર્શકો સુધી પહોંચીએ તે જરૂરી છે. પહેલા અમે રિલીઝ બાદ જ ફિલ્મ પ્રમોટ કરતા હતા પરંતુ નજીકના ભૂતકાળમાં તેમ કરવાનું બંધ થઈ ગયું હતું. અંતિમને દર્શકો તરફથી મળી રહેલા પ્રેમથી સલમાન ખાન ખુશ છે. તેણે ખુલાસો કર્યો હતો કે, ફિલ્મમાં મારો રોલ નાનો છે તેવી ગેરસમજણ હતી. 'તેવી ગેરસમજણ હતી કે મારો રોલ ૧૫ મિનિટનો જ છે. હવે તે સ્પષ્ટતા થઈ ગઈ છે કે, આયુષ સાથે આખી ફિલ્મમાં છું'. વીકએન્ડ પર 'અંતિમ'ના કલેક્શનમાં ઉછાળો જોવા મળ્યો હતો. સલમાન ખાને આ વાતને પ્રોત્સાહન આપનારી કહી હતી.

અનન્યા પાંડે ૨૨ વર્ષની ઉંમરે છે કરોડોની માલિક

ડ્રગ્સના કેસમાં એનસીબીએ અનન્યાના ઘરે દરોડા પાડ્યા હતા અને પૂછપરછ માટે તેને ઓફિસ બોલાવી હતી. ખરેખર, શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનની ચેટમાં અનન્યા પાંડેનું નામ સામે આવ્યું હતું. ડ્રગ્સ કેસમાં અનન્યા પાંડેની પૂછપરછ કરવામાં આવી છે. અનન્યા માત્ર ૨૨ વર્ષની છે, પરંતુ તેણે આ ઉંમરે ઘણી લોકપ્રિયતા મેળવી છે. અનન્યાની સંપત્તિ પણ કરોડોમાં છે. આવો અમે તમને અનન્યા સાથે જોડાયેલી ખાસ વાતો જણાવીએ. અનન્યા પાંડે એક પ્રખ્યાત સ્ટાર કિડ છે અનન્યા પાંડે પ્રખ્યાત અભિનેતા ચંકી પાંડેની પુત્રી છે. અનન્યા બાળપણથી જ લાઈમલાઈટમાં છે. અનન્યાનો ઈન્ડસ્ટ્રીના ઘણા સ્ટાર કિડ્સ સાથે પણ સારો સંબંધ રહ્યો છે. અનન્યા પણ લોકપ્રિય સ્ટાર કિડ્સમાંથી એક છે. અનન્યાના પિતા ચંકી પાંડે હજુ પણ ઈન્ડસ્ટ્રીમાં સક્રિય છે. અનન્યા પાંડેએ પ્રખ્યાત ફિલ્મ નિર્માતા કરણ જોહરની ફિલ્મ સ્ટુડન્ટ ઓફ ધ યર ૨થી ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મમાં અનન્યા સાથે ટાઈગર શ્રોફ અને તારા સુતારિયા પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા હતા. આ ફિલ્મને વધારે પ્રતિસાદ મળ્યો નથી. અનન્યા પાંડે ૨૨ વર્ષની છે અને તેની સંપત્તિ કરોડોમાં છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર અનન્યાની કુલ સંપત્તિ લગભગ ૭૨ કરોડ રૂપિયા છે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો અનન્યા એક ફિલ્મમાં કામ કરવા માટે ૨ કરોડ રૂપિયા લે છે. અનન્યા માત્ર ફિલ્મોથી જ નહીં પરંતુ બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ દ્વારા પણ કમાણી કરે છે. જોકે અનન્યા પાંડેના માતા-પિતા પાસે પોતાનું આલિશાન ઘર છે, પરંતુ તેમ છતાં અનન્યા તેના માતા-પિતાથી દૂર રહે છે. અભિનેત્રીએ પોતાને રહેવા માટે મુંબઈમાં એક આલિશાન ઘર લીધું છે. જેની કિંમત પણ કરોડોમાં છે. અનન્યાના આ ઘરમાં તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ છે. સોશિયલ મીડિયા પર લાખો ફોલોઅર્સ છે અનન્યા પાંડેની પણ સોશિયલ મીડિયા પર મજબૂત ફેન ફોલોઈંગ છે. અનન્યાના ઈન્સ્ટાગ્રામ પર ૨૦.૩ મિલિયન ફોલોઅર્સ છે. ઘણીવાર અનન્યા પોતાની અને તેના પરિવારની તસવીરો શેર કરતી રહે છે. અનન્યા ઘણી ફેશન બ્રાન્ડ માટે શૂટ પણ કરે છે. અનન્યા બ્રાન્ડ શૂટ માટે પણ ચાર્જ લે છે.

સવારના નાસ્તામાં આવી રીતે બનાવો બ્રેડ સ્લાઈસ ઈડલી...

સામગ્રી :

બ્રેડ સ્લાઈસ - ૬, સોજી - ૧૬૦ ગ્રામ, દહીં - ૨૩૫ ગ્રામ, નમક - ૧/૨ ટીસ્પૂન, પાણઈ - ૧૭૦ મીલી, ફૂટ સોલ્ટ - ૧ ચમચી...

બનાવવાની રીત :

૧. સહુથી પહેલા ૬ બ્રેડ સ્લાઈસ લઈને તેની કિનારીઓ કાપી લો.

૨. ત્યારપછી એને બ્લેન્ડરમાં બ્લેન્ડ કરીને એક બાઉલ કાઢી લો.

૩. હવે આમાં સોજી, દહીં, નમક, પાણી મેળવો; ૨૦ મિનિટ સુધી રહેવા દો.

૪. ત્યારબાદ એમાં ૧ ટીસ્પૂન ફૂટસોલ્ટ, ૨ ટેબલસ્પૂન પાણી, વગેરે નાંખીને ૨ મિનિટ એમ જ રહેવા દો, ત્યારબાદ સારી રીતે હલાવી, મિક્સ કરો.

૫. ઈડલી મોલ્ડ લઈને તેમાં બ્રશથી તેલ લગાવો, તેમાં તૈયાર મિશ્રણ ઉમેરો.

૬. આ પછી ઉકળતા પાણીમાં પૈનમાં મૂકી, ઢાંકી દો.

૭. આને ૧૫ મિનિટ સુધી વરાળમાં તૈયાર થવા દો.

૮. હવે મોલ્ડમાંથી ઈડલી કાઢી લો.

૯. બ્રેડ ઈડલી બની ને તૈયાર છે, આને કોપરાની ચટણી અને સંભારની સાથે પીરસો.

હવે ઝટપટ મસાલા સમોસા તૈયાર

સામગ્રી :

૧ કપ મેંદો, અડધી ચમચી અજમો, ૩ સ્પૂન ઘી, ૫ બાફેલા અને મસળેલા બટાટ, ૧/૪ કપ બાફેલા લીલા વટાણા, ૧ ટીસ્પૂન જીરૂં, ૩ થી ૪ ઝીણા સમારેલા લીલા મરચા, ૧ ટી સ્પૂન લાલ મરચું પાવડર, ૨ ટેબલ સ્પૂન કાપેલી કોથમીર, ૧ ટીસ્પૂન આમચૂર, ૧ ટીસ્પૂન ગરમ મસાલો, સ્વાદાનુસાર નમક અને તળવા માટે તેલ...

બનાવવાની રીત :

મેંદામાં નમક, અજમો, ઘી અને પાણી નાંખીને થોડીક કડક કણક ગુંદી લો. ભીનું કપડું ઢાંકીને ૧૫ મિનિટ માટે રાખી મૂકો. પૈનમાં ૨ ટેબલસ્પૂન તેલ નાંખીને તેમાં જરૂં, લીલું મરચું, લાલ મરચું, આમચૂર, ગરમ મસાલા, નમક, મસળેલા બટાકા, મટર અને કોથમીર નાંખીને ૪ થી ૫ મિનિટ સુધી ફ્રાય કરી લો. મસાલો તૈયાર થઈ જશે. મેંદાની બનાવેલી કણકના લુવા કરી, ત્રિકોણાકાર માં કાપીને વાળીને કોન બનાવો, તેમાં મસાલો ઉમેરીને કિનારો પર પાણી લગાવીને ચોંટાડી દો. ડીપ ફ્રાય કરો અને ચટણી ની સાથે ગરમાગરમ પીરસો.

ગાજરનો હલવો

સામગ્રી :
૨૫૦ ગ્રામ ગાજર
૧૦૦ ગ્રામ ખાંડ
૫૦ ગ્રામ માવો
ઘી, આઈસ્ક્રીમનો એસેન્સ

ગાજરને છોલી, તેના લાલ ભાગનું છીણ કરવું. ગાજરને ચારે બાજુથી છીણવાથી લાલ ભાગનું છીણ થશે અને વચ્ચે જે સફેદ ભાગ રહે તે કાઢી નાંખવો. પછી ખાંડ ચોળીને અડધો કલાક રાખી મૂકવું. એક તપેલીમાં ઘી મૂકી ગરમ થાય એટલે ખૂબ ધીમા તાપે મૂકવું. છીણ બફાય એટલે માવો નાંખી, ઘટ્ટ થાય એટલે ઉતારી, આઈસક્રીમનો એસેન્સ નાંખવો. જરૂરિયાત મુજબ સુકામેવા.



TODAYS MEDIA

GRAPHICS | ADVERTISEMENT | BRANDING | PROMOTION

@todaysmedia01

-: OUR SERVICES :-

THE COMPLETE SOLUTIONS FOR BUSINESS NEEDS

- Graphics Design
- Festival Poster
- Digital Visiting Card
- Logo Designing
- Digital Video Logo
- WhatsApp Marketing
- Social Media Marketing
- Menu Card Designing
- YouTube Package
- Newspaper & Magazine Advt
- Digital Wedding Invitation
- Showroom/Business Video
- Business/Social Media Poster
- Social Media Management
- Product Photography
- Motion Posters
- Business on Google Map
- Website Development

CUSTOMIZE CORPORATE GIFT PROMOTION

FOR MORE INFO CONTACT : M: 77 77 99 18 32

Lenova M93P

ALL TYPE OF IT SERVICE

Core i5 4th Gen
4 GB RAM
500 GB HDD
Adapter

₹ ફક્ત 9999/- માં

COMPUTER
Sales & Service

CCTV
Sales & Service

PRINTER
Sales & Service

CONTACT NOW : M: 93 77 11 1033 | 7878601033

FIRST FLOOR C16 GULMOHAR SOCIETY.MEMON HALL ROAD.
NR.UNION PARK.OPP. HARYALI SOCITY.JUHAPURA-AHMEDABAD-55

RNI Registration No. GUJGUJ/2016/72090 Registered under Postal Registation No. AHD-C/102/2019-2022 Valid up to Dt. 31/12/2022 issued by the SSPO's,
Ahmedabad City Division. Published on 1st Date of Every month and Permitted to post at Ahmedabad PSO on 5th Date of Every Month.

ઘરે બેઠા સિલેક્શન કરો

સોફા, પડદા, મચ્છર જાળી, કબુતર જાળી, રોલર, રોમન, ઝેબ્રા બ્લાઇન્ડ, વર્ટીકલ બ્લાઇન્ડના મેન્યુફેક્ચર અને રિટેલર

ઓફિસ-હોસ્પિટલ, હોસ્ટેલ, હોટલ, બંગલા, ફાર્મહાઉસ, લક્ઝરીબસ વગેરેના પડદા બનાવનાર

- બહારગામના ઓર્ડર લેવામાં આવશે
- સોફાના કવર બનાવનાર અને રીપેરીંગ કરનાર

અમન પડદા કોર્નર | અમન કર્ટન

M.: +91- 7405040350, 7069966966

દુકાન-૧ એન.એન. કોમ્પ્લેક્સ, મનન બજાજ શોરૂમની બાજુમાં,
શાહઆલમ ટોલનાકા ચારરસ્તા, અહેમદાબાદ.

SINCE 2016

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR

શું તમે તમારા ધંધાને વધારવા માંગો છો.?

SPECIAL OFFER

FLAT **50%** DISCOUNT ON RATE CARD

SPECIAL OFFER ONLY
FOR LIMITED TIME ONLY

‘ટુડેઝ ફેક્ટ સમાચારની’ મેગેઝિનમાં જાહેરાત કરો અને લાભ મેળવો

VOL.05 | SEPTEMBER - OCTOBER 2021
ટુડેઝ ફેક્ટ સમાચાર
Issue No.: 11-12 • Pages : 16 • Total Issue.: 57 • Price :₹15/-
બિઝનેસનો વ્યાય વધારવા માટે શા માટે ઓટોમેશન અને ટેક્નોલોજી જરૂરી છે ?
VOL.05 | MAY - 2021
VOL.05 | JUNE-JULY-2021
VOL.05 | DECEMBER - 2020
IPL-2021
કાર્યક્રમ
jadeed
TODAYS MEDIA

BENEFITS FOR ADVERTISING WITH TODAYS FACT SAMACHAR

1. **MAGAZINE** — 1 ADVT
2. **SOCIAL MEDIA MARKETING** — ONE TIME
3. **E MAGAZINE** — 2 TIME
4. **NEWSPAPER & PDF** — 1 ADVT
5. **TFS DAILY NEWS ADVT BANNER** — 30 DAYS

*TERMS & CONDITIONS APPLY

NOTE : ALL BENEFITS AVAILABLE ON MAGAZINE FULL PAGE ONLY

આ બધા સોશિયલ પ્લેટફોર્મ્સ પર સમાચાર ઉપલબ્ધ છે

GET IT ON Google Play

FOR MORE INFO & ADVERTISEMENT BOOKING | Don’t MiSS OFFER

M: 90 33 30 20 74 | 743 50 50 451

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR

TO GET LATEST NEWS UPDATE

CLICK ICON TO JOIN WITH US

JOIN US ON WHATSAPP

DOWNLOAD APP

GET IT ON Google Play

FOLLOW US ON INSTAGRAM

LIKE OUR PAGE FACEBOOK

FOR VIDEOS SUBSCRIBE

TODAYS FACT SAMACHAR YOUTUBE CHANNEL

YouTube

FOR ADVERTISEMENT CONTACT

M: 90 33 30 20 74

web: www.todaysfact.in

JOIN TODAYS FACT SAMACHAR

Since 2016

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR

માસિક મેગેઝિન ગુજરાતી ભાષામાં

વાંચો અને વંચાવો, નવું જાણો, ઘણું માણો!

સમગ્ર પરિવાર માટે શિક્ષણ, આરોગ્ય, રમતો, તકનીકી, મુસાફરી, ખોરાક, જીવનશૈલી, ફેશન, ફિલ્મ, મનોરંજન, બાળકો, મહિલાઓ, વ્યવસાય, કારકીર્દિ, સફળતાનો જ્ઞાનખજાનો ખોલતું મેગેઝિન!

ANNUAL MAGAZINE SUBSCRIPTION

₹200/-

12 ISSUE
ONE YEAR

તો આજે જ આપની ટુડેઝ ફેક્ટ સમાચાર મેગેઝિનની નકલ બુક કરાવો

M: +91- 743 50 50 451

SUCCESS OF 4 ANNIVERSARY YEARS

SINCE 2016

ટુડેઝ ફેક્ટ સમાચાર

TODAYS FACT SAMACHAR



આપણા સમાજ-ધર્મ કે સંસ્થા અથવા તો આસપાસ બનતી નાની મોટી ઘટનાઓ,પ્રેસ નોટ, પ્રસંગો, કલબ, જન્મદિન મુબારક, સાલગીરાહ, જોક્સ, શાયરી, લેખ, કવિતા, પ્રસિદ્ધિ, મેગેઝિનમાં તમારા નામ સાથે છપાવવા માટે તક.

દર મહિનાની ૨૦ તારીખ સુધી તમે તમારો સંદેશ મોકલી શકો છો, મેગેઝિન દર મહિનાની પહેલી તારીખે પ્રસિદ્ધ થશે.

નીચે જણાવેલ **E-MAIL ID** અથવા **WHATSAPP** પર મોકલી આપો.

વિનામૂલ્યે પ્રસિદ્ધ થાવ!

Email: tfsnews01@gmail.com

+91-63551 40602

JOIN ON SOCIAL PLATFORMS